જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૫/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૨૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૨ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩૦ બિયર ટીન ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૭૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૨૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૭૨૫/૨૦૨૬**

કાગડાપીઠઃ ચેતનાબહેન નારાયણભાઈ પંચાલ (ઉ.વ.૪૬)(રહે. ગોરધનકાકાની ખડકી, ગામ- નવાગામ તા.જી.ખેડા) નાઓ તા.૦૬/૦૫/૨૦૨૬ સવારના ૭/૦૦ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન ગીતા મંદિર એસ.ટી.બસ સ્ટેન્ડ પ્લેટફોર્મ નંબર–૧૮ ખાતે અમદાવાદ થી ડીસા જતી એસ.ટી.બસમાં ચઢતી વખતે અજાણી વ્યક્તિએ ચેતનાબહેનની નજર ચુકવી તેમના થેલામાંથી લેડીઝ પર્સની ચોરી કરી લીધી હતી. જે લેડીઝ પર્સમાં સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૭૩,૮૦૦/– અને રોકડ રૂપિયા ૯,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૨,૮૦૦ /– મતા હતી. આ અંગેની ફરીયાદ ચેતનાબહેન પંચાલ એ તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૨૬/૨૦૨૬**

સાબરમતીઃ પુર્વીકા ડો/ઓ અરવિંદભાઈ કોષ્ટી (ઉ.વ.૧૯)(રહે.વિશ્વાસ ટેનામેન્ટ, આનંદ ટેનામેન્ટ સામે, ન્યુ રાણીપ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૫/૨૦૨૬ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૫/૨૦૨૬ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી